દિલ્હી ડાયરી

અગ્નિપથ યોજનાનો ઓવરહોલ (સુધારો)

નરેન્દ્ર મોદી સરકાર દ્વારા વિવાદાસ્પદ 'અગ્નિપથ' યોજનાની ખામીઓનો પરોક્ષ સ્વીકાર કરતાં સરકારે બુધવારે સશસ્ત્ર દળોમાં ભરતી સાથે સંકળાયેલી આ યોજનામાં મોટો સુધારો કરવાનો નિર્ણય લીધો છે. નવા સુધારા હેઠળ, પોતાના ચાર વર્ષના કાર્યકાળના અંતે સેનામાંથી બહાર નીકળનારા અગ્નિવીરોને વધારાનું બે વર્ષનું એક્સ્ટેન્શન આપવામાં આવશે અને ચોક્કસ પાત્રતાના માપદંડો પૂર્ણ કરવાને આધીન ત્યાર બાદ કાયમી ભરતી પણ આપવામાં આવશે.

સરકારી સૂત્રોએ આ પગલાંને યુવાનો દ્વારા કરવામાં આવી રહેલા વધતા વિરોધ પ્રદર્શનો અને પંજાબ, ઉત્તરાખંડ તથા હિમાચલ પ્રદેશ જેવા વધુ ભરતી ધરાવતા રાજ્યોમાં આગામી વિધાનસભા ચૂંટણીઓ સાથે જોડ્યું છે, જ્યાં આ યોજના એક અત્યંત સંવેદનશીલ ચૂંટણી મુદ્દો બની રહી છે. આ નિર્ણય ૧૮,૩૦૦ અગ્નિવીરોની પ્રથમ બેચનો ચાર વર્ષનો કાર્યકાળ પૂરો થયા પછી સેનામાંથી મુક્ત કરવામાં આવે તેના થોડા સપ્તાહ પહેલા જ આવ્યો છે.

૨૦૨૨માં શરૂ કરવામાં આવેલી અગ્નિપથ યોજનાની મૂળ જોગવાઈઓ મુજબ, આર્મી, નેવી અને એરફોર્સમાં ભરતી થયેલા માત્ર ૨૫ ટકા અગ્નિવીરોને જ જાળવી રાખવાના હતા, જ્યારે બાકીના ૭૫ ટકાને ચાર વર્ષનો કાર્યકાળ પૂરો કર્યા પછી સેવામાંથી મુક્ત કરી દેવાના હતા. તેઓ ગ્રેચ્યુઇટી કે પેન્શન માટે હકદાર નથી.

સુધારેલા નિર્ણય મુજબ, ચાર વર્ષ મુક્ત થનારા તાલીમ પામેલા ૭૫ ટકા અગ્નિવીરોને હવે તેમની ઇચ્છાના આધારે બે વર્ષનું એક્સ્ટેન્શન મળશે.

દવા ઉત્પાદન લાઇસન્સના નવા નિયમો

ભારતના ડ્રગ રેગ્યુલેટરી ઓથોરિટીઝ (દવા નિયમનકારી અધિકારીઓ) દેશમાં દવાઓની ગુણવત્તા અને સુરક્ષાને મજબૂત કરવાના પ્રયાસોના ભાગરૂપે રૂટિન ક્વોલિટી ટેસ્ટમાં નાપાસ થતી ચોક્કસ દવાઓ ઉત્પાદિત કરતી કંપનીઓના લાઇસન્સ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાની યોજના બનાવી રહ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે એક પ્રસ્તાવ જારી કર્યો છે, જે હેઠળ જો ડ્રગ ઇન્સ્પેક્ટર્સને કોઈપણ ત્રણ માપદંડો–એસે, ડિઝોલ્યુશન અને ઇમ્પ્યુરિટીઝ અથવા સ્ટેરિબિલિટી–માં દવા 'પ્રમાણિત ગુણવત્તા મુજબની ન હોય' (એનએસક્યુ) માલૂમ પડે, તો ડ્રગ રેગ્યુલેટર્સ તે ચોક્કસ દવા બનાવવાનું કંપનીનું લાઇસન્સ તાત્કાલિક સસ્પેન્ડ કરી દેશે. 'એસે' દવામાં સક્રિય ફાર્માસ્યુટિકલ ઘટકની સાંદ્રતા (કોન્સન્ટ્રેશન) માપે છે, જ્યારે 'ડિઝોલ્યુશન' ટેસ્ટ માપે છે કે દવા શરીરમાં કેટલી ઝડપથી ઓગળે છે–જે તે શરીર દ્વારા અવશોષિત થઈ શકે છે કે નહીં તે નક્કી કરવા માટે એક મહત્વપૂર્ણ પરિબળ છે.

તાત્કાલિક સસ્પેન્શન માટેની આ સૂચિત જોગવાઈનો હેતુ વિલંબને દૂર કરવાનો છે અને એ સુનિશ્ચિત કરવાનો છે કે કંપનીની ક્ષતિના કારણે થતી ઉત્પાદન નિષ્ફળતાઓ પર હાલની નોટિસ-આધારિત પ્રક્રિયા પૂર્ણ થવાની રાહ જોયા વગર જ કાર્યવાહી કરવામાં આવે. દવા ઉદ્યોગના વિશ્લેષકો, જેઓ એનએસક્યુ દવાઓનું સંચાલન કરતી નિયામક પ્રક્રિયાઓથી પરિચિત છે, તેઓનું કહેવું છે કે આ પ્રસ્તાવ એવા કિસ્સાઓમાં ખાસ ઉપયોગી થઈ શકે છે જ્યાં કંપની દ્વારા ઉત્પાદિત એક જ દવાની એકથી વધુ બેચ ગુણવત્તા પરીક્ષણમાં નિષ્ફળ જાય છે.

દિલ્હી યુનિવર્સિટીના પ્રોફેસરનો વિવાદ

દિલ્હી યુનિવર્સિટીના રાજકીય વિજ્ઞાનના પ્રોફેસર સંગીત કુમાર રાગી હાલ એક વિવાદના કેન્દ્રમાં છે. તેઓ આરએસએસના સ્વ-ઘોષિત પ્રવક્તા છે અને કેટલીકવાર ટીવી ચર્ચાઓમાં રાજકીય વિશ્લેષક તરીકે પણ જોવા મળે છે.

તાજેતરમાં એક ટીવી ચર્ચા દરમિયાન, તેમણે સમાજવાદી પાર્ટીના એક કાર્યકર્તા અને ઉત્તર ભારતની એક ચોક્કસ પછાત જાતિ સામે કેટલાક આપત્તિજનક શબ્દોનો ઉપયોગ કર્યો હતો. સત્તાધારી ભાજપના નજીકના ગણાતા રાગીએ બાદમાં એક્સ પર પોસ્ટ કર્યું હતું કે, સમાજવાદી પાર્ટીના કાર્યકર્તાએ તેમના પર વ્યક્તિગત લક્ષ્ય સાધ્યા પછી તેમણે વળતો પ્રહાર કર્યો હતો અને ઉમેર્યું હતું કે તે કાર્યકર્તાએ પહેલા પણ આવું જ કર્યું હતું. રાગીએ જણાવ્યું હતું કે આ શબ્દો સમગ્ર સમુદાય માટે નહોતા.

જૂની દિલ્હીમાં બિલ્ડિંગ તૂટી પડતાં બેનાં મોત, ઘણા ફસાયા હોવાની શંકા

ચાવડી બજાર મેટ્રો સ્ટેશન નજીક બાંધકામ હેઠળની ઇમારત અચાનક ધસી પડી, બેને બચાવાયા, શોધખોળ અને બચાવ કાર્ય ચાલુ

આ બાંધકામ ગેરકાયદે રીતે થઇ રહ્યું હોવાનું જણાવતા અધિકારીઓ



નવી દિલ્હી, ૫ નવેમ્બર (PTI): જૂની દિલ્હીના ગીચ વિસ્તાર ચાવડી બજારમાં ગુરુવારે એક ત્રણ માળની બાંધકામ હેઠળની ઈમારત ધરાશાયી થતાં બે લોકોનાં મોત થયા છે અને અનેક લોકો કાટમાળ નીચે દબાયા હોવાની આશંકા છે.

ચાવડી બજાર મેટ્રો સ્ટેશન નજીકની ભીડભરેલી ગલી સિતારામાં બની રહેલી આ ઈમારત સવારે ૯.૪૫ વાગ્યાની આસપાસ ધરાશાયી થઈ હતી. પોલીસના જણાવ્યા અનુસાર, વળેલા વાયરો, થાંભલા અને સિમેન્ટના સ્લેબના કાટમાળ નીચે દબાયેલા લોકોને બહાર કાઢવા માટે દિવસભર રાહત અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ(સેન્ટ્રલ) રોહિત રાજબીર સિંહે જણાવ્યું હતું કે, "અત્યાર સુધીમાં કાટમાળમાંથી ચાર લોકોને બહાર કાઢવામાં આવ્યા છે. દુર્ભાગ્યવશ, આમાંથી બે લોકોનું ઈજાના કારણે મોત નીપજ્યું છે, જ્યારે અન્ય બે લોકોની સ્થિતિ સ્થિર છે અને તેઓ ભયમુક્ત છે." તેમણે ઉમેર્યું હતું કે, "જ્યારે બાંધકામ ચાલી રહ્યું હતું ત્યારે અહીં લગભગ ૧૦ થી ૧૫ મજૂરો હાજર હતા." અધિકારીઓએ જણાવ્યું હતું કે ૫૦ ચોરસ મીટરના પ્લોટ પર આ ગેરકાયદે બાંધકામ થઈ રહ્યું હતું.

મૃતકોની ઓળખ કિશોરી (૪૦) અને સંજીત (૪૫) તરીકે થઈ છે. બંને બાંધકામ સાઈટ પર મજૂર તરીકે કામ કરતા હતા. ઈજાગ્રસ્ત થયેલા અન્ય બે વ્યક્તિઓ – સહદેવ ચૌધરી (૨૫) અને ફિરોઝ (૩૭) હાલ સારવાર હેઠળ છે. દિલ્હી પોલીસ, નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ(NDRF), દિલ્હી ફાયર સર્વિસ અને MCD દ્વારા સંયુક્ત બચાવ કામગીરી ચાલી રહી છે. પોલીસે બિલ્ડિંગના માલિકો અને કોન્ટ્રાક્ટરો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૫ (સાપરાધ મનુષ્યવધ) હેઠળ FIR નોંધાવી છે. MCDના એક અધિકારીએ જણાવ્યું હતું કે બિલ્ડિંગ પર બાંધકામનું કામ લગભગ ૧૫ દિવસ પહેલા અટકી ગયું હતું. ત્રણ માળ સુધી બની ગયેલી આ ઈમારત છતનો સ્લેબ ભરતી વખતે ધરાશાયી થઈ ગઈ હતી. તેમણે ઉમેર્યું હતું કે પોલીસે બિલ્ડરોની ઓળખ કરી લીધી છે અને તેમને પકડવાના પ્રયાસો ચાલુ છે.

અટકાયત સાથે જ 24 કલાકનું કાઉન્ટડાઉન શરૂ થશે : સુપ્રીમ

વિધિવત ધરપકડ થાય ત્યારથી જ 24 કલાકની સમયમર્યાદા શરૂ થાય છે તે ખયાલ ખોટો છે : સુપ્રીમ કોર્ટ

ધરપકડ પહેલા લાંબા સમય સુધી પૂછપરછના નામે આરોપીને અટકાયતમાં રાખવો તે સત્તાનો દુરુપયોગ

જો 24 કલાકની મર્યાદાનો ભંગ જણાય તો કોર્ટ અટકાયતમાં લેવાયેલી વ્યક્તિને તરત જ મુક્ત કરાવે

નવી દિલ્હી, તા. 5(PTI): એક મહત્વપૂર્ણ ચુકાદામાં, સુપ્રીમ કોર્ટે ગુરુવારે ચુકાદો આપ્યો છે કે ધરપકડ કરાયેલ વ્યક્તિને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવાની 24-કલાકની બંધારણીય સમયમર્યાદા તેની અટકાયત કરવામાં આવે તે ક્ષણથી જ શરૂ થાય છે, નહીં કે પોલીસ વિધિવત રીતે ધરપકડ કરે તે સમયથી.

બંધારણની કલમ 22(2)ના હેતુ માટે 'ધરપકડ' અને 'અટકાયત' વચ્ચે કોઈ કૃત્રિમ ભેદભાવ ન હોઈ શકે તેવું ઠેરવતા, જસ્ટિસ ઉજ્જલ ભુયાન અને જસ્ટિસ અતુલ એસ. ચંદુરકરની બેંચે જણાવ્યું હતું કે પોલીસને ઔપચારિક ધરપકડ પહેલાંની અટકાયતના સમયગાળાને બાકાત રાખવાની મંજૂરી આપતું કોઈપણ અર્થઘટન બંધારણીય દોરવણીથી વિપરીત હશે. બેંચે અવલોકન કર્યું કે, 24 કલાક માત્ર વિધિવત ધરપકડ પછી જ શરૂ થાય છે તેવો દ્રષ્ટિકોણ બંધારણની કલમ 22(2) અને BNSSની કલમ 56ના બંધારણીય આદેશની વિરુદ્ધ છે.'

24 કલાકની સમયમર્યાદાની ગણતરીમાં કેટલો સમય બાકાત રાખી શકાય?

ચુકાદામાં કહેવામાં આવ્યું છે કે 24-કલાકની સમયમર્યાદાની ગણતરી કરતી વખતે માત્ર એટલો જ સમયગાળો બાકાત રાખી શકાય છે જે ધરપકડના સ્થળેથી મેજિસ્ટ્રેટની કોર્ટ સુધી જવા માટે વાજબી રીતે જરૂરી હોય. તેમાં ઉમેર્યું હતું કે વિધિવત ધરપકડ પહેલાંની પૂછપરછ, તપાસ, શોધ કે જપ્તીમાં વિતાવેલો સમય બાકાત રાખી શકાય નહીં. કલમ 22(2) જોગવાઈ ધરાવે છે કે કસ્ટડીમાં ધરપકડ કરાયેલ અને અટકાયત કરાયેલ દરેક વ્યક્તિને ધરપકડના સ્થળેથી કોર્ટ સુધીના પ્રવાસ માટે જરૂરી સમય સિવાય, ધરપકડના 24 કલાકની અંદર નજીકના મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવા જ જોઈએ.

કસ્ટડીમાં હિંસા એ માનવ અધિકાર ભંગનું વરવું સ્વરૂપ : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી, તા. ૫ (PTI) : સુપ્રીમ કોર્ટે ગુરુવારે જણાવ્યું હતું કે કસ્ટોડીયલ હિંસા(પોલીસ કસ્ટડીમાં થતી હિંસા) એ માનવ અધિકારોના ઉલ્લંઘનના સૌથી ખરાબ સ્વરૂપોમાંનું એક છે. કોર્ટે ઉમેર્યું હતું કે તે આપણા દેશની એક કમનસીબ વાસ્તવિકતા છે જેને ન્યાયતંત્ર દ્વારા પણ સ્વીકારવામાં આવી છે. જસ્ટિસ ઉજ્જલ ભુયાન અને જસ્ટિસ અતુલ એસ. ચંદુરકરની બેંચે જણાવ્યું હતું કે સર્વોચ્ચ અદાલતનો પ્રયાસ હંમેશા કસ્ટોડીયલ હિંસાને નાબૂદ કરવાનો રહ્યો છે, જે કમનસીબે ત્યારે થાય છે જ્યારે કોઈ વ્યક્તિ અટકાયતમાં હોય છે. આ અવલોકનો એક ચુકાદા દરમિયાન કરવામાં આવ્યા હતા, જેમાં સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો કે ધરપકડ કરાયેલી વ્યક્તિને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવા માટેની ૨૪ કલાકની બંધારણીય સમયમર્યાદા તે ક્ષણથી શરૂ થાય છે જ્યારે તેને અટકાયતમાં લેવામાં આવે છે, નહીં કે જ્યારે પોલીસ વિધિવત રીતે તેની ધરપકડ બતાવે ત્યારથી. સર્વોચ્ચ અદાલતે ૧૯૭૯-૧૯૮૦ના ભયાનક 'ભાગલપુર બ્લાઇન્ડિંગ્સ'(કેદીઓને અંધ કરી દેવાની ઘટના) કેસના અવલોકનોનો પણ સંદર્ભ આપ્યો હતો, જેમાં કોર્ટે કહ્યું હતું કે રિમાન્ડ વિનાની અટકાયતને રોકતી જોગવાઈઓ ખૂબ જ તંદુરસ્ત છે, જે મેજિસ્ટ્રેટને પોલીસ તપાસ પર નજર રાખવા માટે સક્ષમ બનાવે છે. 'ભાગલપુર બ્લાઇન્ડિંગ્સ' એ બિહારના ભાગલપુરમાં માનવ અધિકારોના ગંભીર ઉલ્લંઘનની શ્રેણીબદ્ધ ઘટનાઓ હતી, જ્યાં પોલીસે ઓક્ટોબર ૧૯૭૯ થી જુલાઈ ૧૯૮૦ વચ્ચે ડઝનબંધ કાચા કામના કેદીઓને જાણીબુઝીને અંધ કરી દીધા હતા. બેંચે આગળ જણાવ્યું, "મહત્વની વાત એ છે કે, આ કોર્ટે નોંધ્યું હતું કે માનવ અધિકારોનું સૌથી ખરાબ ઉલ્લંઘન તપાસ દરમિયાન થાય છે જ્યારે પોલીસ માહિતી અથવા કબૂલાત કઢાવવાના હેતુથી અટકાયતનું રેકોર્ડ ન રાખીને અથવા સ્વતંત્રતા છીનવી લેવાની ઘટનાને માત્ર 'લાંબી પૂછપરછ' ગણાવીને ગેરકાયદેસર રીતે થર્ડ ડિગ્રી પદ્ધતિઓ અપનાવે છે."

અમેરિકામાં અનેક રાજ્ય સરકારો પર પણ ડેમોક્રેટોએ નિયંત્રણ મેળવ્યું

જેના પર ૨૦૦૨થી રિપબ્લિકનોનો કબજો હતો તે ટેક્સાસના સ્ટેટ હાઉસ પર પણ કબજો મેળવી લીધો

અનેક રાજ્યોમાં ગવર્નરપદો અને ધારાગૃહો પર નિયંત્રણ મેળવી લીધું

મેડિસન, તા. 5(AP): મંગળવારની ચૂંટણીમાં ગવર્નરપદ અને સેનેટમાં ઐતિહાસિક જીત મેળવ્યા બાદ ડેમોક્રેટ્સે ટેક્સાસ સ્ટેટ હાઉસ પર પણ નિયંત્રણ મેળવી લીધું છે. રિપબ્લિકન્સે 2002ની ચૂંટણીમાં આ ગૃહ કબજે કર્યું હતું અને ત્યારથી તેમની પાસે જ હતું.

ડેમોક્રેટ્સ માટે આ જીત મિડટર્મ ચૂંટણીઓ દરમિયાન રાજ્ય સરકારોમાં શ્રેણીબદ્ધ મોટા વિજયનો એક ભાગ હતી, જેમાં તેમણે કેટલીક ધારાસભાઓ પર કબજો મેળવ્યો હતો અને કેટલાક બેટલગ્રાઉન્ડ(બંને પક્ષ વચ્ચે કાંટાની ટક્કર વાળા) તેમજ ઐતિહાસિક રીતે રિપબ્લિકન ઝુકાવ ધરાવતા રાજ્યોમાં સત્તાનું સંતુલન બદલી નાખ્યું હતું. પાર્ટીએ ઓછામાં ઓછા પાંચ રાજ્યોમાં પૂર્ણ નિયંત્રણ (બંને ધારાસભા ગૃહો અને રાજ્યપાલ કાર્યાલય) મેળવ્યું છે જ્યાં પહેલાં તેઓ સત્તામાં ભાગીદાર ધરાવતા હતા.

આ જીત બાદ પાર્ટી પર વધતી જતી મોંઘવારી, પેટ્રોલો-ડીઝલના ઊંચા ભાવ, ફુગાવો અને પોસાય તેવા મકાનોની અછતથી નારાજ મતદારોની અપેક્ષાઓ પૂરી કરવાનું દબાણ વધ્યું છે.

રાજ્ય સરકારો લોકોના રોજિંદા જીવનને અસર કરતી વ્યાપક નીતિ ઘડે છે, જેમાં ટેક્સના દર, ગર્ભપાતના અધિકારો, શાળાની પસંદગી, શિક્ષણ ભંડોળ, ડેટા સેન્ટરનો વિકાસ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ તથા લો એન્ફોર્સમેન્ટ સર્વેલન્સ કેમેરાનો ઉપયોગ સામેલ છે. વિસ્કોન્સિન ડેમોક્રેટિક પાર્ટીના ચેરમેન ડેવિન રેમિકરે જણાવ્યું હતું કે, "હવે કામગીરી કરવાનો સમય આવી ગયો છે." ડેમોક્રેટ્સે વિસ્કોન્સિનમાં વિધાનમંડળના બંને ગૃહોમાં જીત મેળવીને 16 વર્ષની રિપબ્લિકન બહુમતીનો અંત આણ્યો હતો અને રાજ્યપાલ પદ જાળવી રાખ્યું હતું.

શાંતિ માટે 51 અબજ ડોલર? : સમાધાન માટે સાઉદી સમક્ષ હૂથીઓની આકરી શરતો

યમનના શાસક તરીકે આ બળવાખોર જૂથને માન્યતા આપવાની પણ માગણી કરી હોવાના અહેવાલ

સાઉદી માટે ૫૧ અબજ ડોલર આપવા મુશ્કેલ નથી પણ હૂથીઓને માન્યતા આપવાનું કઠણ છે

ન્યૂયોર્ક, તા. ૫: જ્યારે સાઉદી અરેબિયાએ યમનના ઈરાન-સમર્થિત હૂથીઓ દ્વારા રિયાધના તેલ ટેન્કરો પર રાતા સમુદ્રમાં હુમલો કર્યા પછી નવેસરથી શરૂ થયેલા તણાવને રોકવાનો માર્ગ શોધવાનો પ્રયાસ કર્યો, ત્યારે ધ વોલ સ્ટ્રીટ જર્નલ અનુસાર, તેમને બદલામાં ૫૧ બિલિયન યુએસ ડોલરની માંગ અને યમનના શાસક તરીકે બળવાખોરોને માન્યતા આપવાની શરત સાંભળવા મળી હતી.

આ પ્રસ્તાવ માત્ર નાણાકીય પતાવટ કરતાં ઘણો વધારે હતો. આ સ્વીકારવાનો અર્થ એ થાય કે સાઉદી અરેબિયા તેના દક્ષિણ પાડોશી પર શાસન કરતી સત્તા તરીકે ઈરાન સમર્થિત સશસ્ત્ર ચળવળને સત્તાવાર રીતે માન્યતા આપી રહ્યું છે, જે રિયાધ માટે એક મોટી વ્યૂહાત્મક બાંધછોડ છે. હૂથી બળવાખોરોએ સાઉદી અરેબિયા પર તેમનું દબાણ વધાર્યું છે અને યમનની અંદર નવેસરથી ભૌગોલિક પ્રદેશો કબજે કર્યા છે. આ જૂથ એડનની વધુ નજીક પહોંચી ગયું છે, જે સાઉદી અરેબિયા દ્વારા સમર્થિત યમનની આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત સરકારના મુખ્ય મથક તરીકે કાર્ય કરતું દક્ષિણનું બંદર શહેર છે. આ ચર્ચાઓ વિશે માહિતગાર લોકોએ જણાવ્યું હતું કે હૂથીઓએ આ ૫૧ અબજ ડોલરને સંઘર્ષ દરમિયાન વર્ષોથી સાઉદી દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલાઓ અને લાદવામાં આવેલા લાંબા સમયના નાકાબંધીના વળતર તરીકે વર્ણવ્યા હતા. જો કે, રિયાધ માટે આ નાણાકીય માંગ સૌથી મુશ્કેલ ભાગ ન હોઈ શકે. હૂથીઓને યમનના શાસક તરીકે માન્યતા આપવાથી સાઉદી અરેબિયાની દક્ષિણ સરહદ પર સત્તાનું સંતુલન મૂળભૂત રીતે બદલાઈ જશે. સાઉદી અરેબિયાએ અલ્ટીમેટમરૂપે ઈરાન સાથે ગાઢ સંબંધો ધરાવતા સશસ્ત્ર જૂથને યમનમાં પ્રબળ સત્તા તરીકે સ્વીકારવું પડશે. આ બિલકુલ એ જ પરિણામ છે જેમાંથી સાઉદી અરેબિયા અત્યાર સુધી બચવાનો પ્રયાસ કરી રહ્યું હતું.

યુએસ પોસ્ટલ સર્વિસે દિવાળીના તહેવારને અનુલક્ષી ફોરેવર સ્ટેમ્પ બહાર પાડી

નવી દિલ્હી, તા. 5 (પીટીઆઇ) દિવાળીના તહેવારની ઉજવણી કરવા માટે યુએસ પોસ્ટલ સર્વિસે એક રંગબેરંગી 'રંગોળી' ધરાવતી ફોરેવર સ્ટેમ્પ બહાર પાડી છે. ભારતમાં યુએસ એમ્બેસીએ એક્સ પર એક પોસ્ટમાં આ તાજેતરમાં બહાર પાડવામાં આવેલી ખાસ સ્ટેમ્પની એક ઝલક શેર કરી છે. પોસ્ટમાં શેર કરવામાં આવેલા ડિજિટલ પોસ્ટરના કેપ્શનમાં લખ્યું છે, "પ્રકાશના પર્વની ઉજવણી કરો. શું તમે જાણો છો? યુએસ પોસ્ટલ સર્વિસે હમણાં જ દિવાળીની ઉજવણી કરતી ફોરેવર સ્ટેમ્પ બહાર પાડી છે!

સપા નેતા આઝમ ખાનની જામીન અરજી પર વિચાર કરવા સુપ્રીમનો ઇનકાર

નવી દિલ્હી, તા.5 (પીટીઆઇ): સુપ્રીમ કોર્ટે ગુરુવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) દ્વારા નોંધવામાં આવેલા મની લોન્ડરિંગના નવા કેસમાં સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા આઝમ ખાનની જામીન માગતી અરજી પર વિચાર કરવાનો ઇનકાર કરી દીધો છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ જોયમાલ્યા બાંગચીની બેંચે ખાનની અરજી અલ્હાબાદ હાઇકોર્ટમાં ટ્રાન્સફર કરી હતી અને તેના મુખ્ય ન્યાયાધીશને 16 નવેમ્બરે ડિવિઝન બેંચ સમક્ષ આ મામલાની સુનાવણી રાખવા માટે વિનંતી કરી હતી.

હરદીપ પુરી મધ્ય પ્રદેશથી રાજ્યસભા માટે બિનહરીફ ચૂંટાયા

ઉમેદવારી પત્રોની ચકાસણીમાં અન્ય બે ઉમેદવારના ફોર્મ રદ થતાં પુરી બિનહરીફ જાહેર થયા

ભોપાલ, તા. 5 (પીટીઆઈ): કેન્દ્રીય પેટ્રોલીયમ મંત્રી અને ભાજપના ઉમેદવાર હરદીપ સિંહ પુરીને ગુરુવારે મધ્ય પ્રદેશની રાજ્યસભાની પેટા-ચૂંટણીમાં બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે. એમ એક અધિકારીએ જણાવ્યું હતું. નામાંકનપત્ર પાછું ખેંચવાના છેલ્લા દિવસે, ઉમેદવારી પત્રોની ચકાસણી દરમિયાન અન્ય બે ઉમેદવારોના ફોર્મ રદ થતાં પુરી ચૂંટણી મેદાનમાં એકમાત્ર ઉમેદવાર રહ્યા હતા. રિટર્નિંગ ઓફિસર ઉમેશ શર્મા દ્વારા તેમને સંસદના ઉપલા ગૃહ માટે ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

મધ્ય પ્રદેશ ભાજપ પ્રમુખ હેમંત ખંડેલવાલે પાર્ટીના ધારાસભ્ય રામેશ્વર શર્માની ઉપસ્થિતિમાં રિટર્નિંગ ઓફિસર પાસેથી પુરીનું ચૂંટણી પ્રમાણપત્ર મેળવ્યું હતું. ઉમેદવારી પત્રોની ચકાસણીના છેલ્લા દિવસે, અન્ય બે ઉમેદવારો કાંતે સાયન્ના અને વિપક્ષ કોંગ્રેસનું સમર્થન ધરાવતા રાજકુમાર લોહાનીના નામાંકન રદ કરવામાં આવ્યા હતા. જો જરૂર પડી હોત તો પેટા-ચૂંટણી 12 નવેમ્બરના રોજ યોજાવાની હતી. ગયા મહિને ઉપલા ગૃહમાંથી ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી એલ મુરુગનના રાજીનામા બાદ આ રાજ્યસભા સીટ ખાલી પડી હતી, જેના કારણે પેટા-ચૂંટણી યોજવી જરૂરી બની હતી. મુરુગનનો કાર્યકાળ 2 એપ્રિલ 2030ના રોજ પૂરો થવાનો હતો.

યુરોપમાં અનેક ફ્લાઈટોને બોમ્બની ધમકીઓ મળ્યા બાદ ડાઈવર્ટ કરવી પડી

કેટલીક ફ્લાઇટોને લશ્કરી એસ્કોર્ટ આપવામાં આવ્યું, બ્રિટને આ ધમકીઓને મલિન ઇરાદાયુક્ત ધમકીઓ ગણાવી

તમામ ધમકીઓ પોકળ નીકળી, સપ્તાહની શરૂઆતમાં આવી જ પોકળ ધમકીઓની ઘટનાઓ પછી ફરીથી આવી ધમકીઓ મળી

મિલાન, તા. ૫(એપી): સત્તાવાળાઓએ જણાવ્યું કે, બોમ્બની ધમકીઓના કારણે રૂટ બદલાયા બાદ ગુરુવારે યુરોપમાં અનેક ફ્લાઇટોનું ઇમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. આ ઘટનાઓ આ સપ્તાહની શરૂઆતમાં મળેલી બોમ્બની નકલી ધમકીઓ પછી બની છે, જેના લીધે વિમાનોની તપાસ કરવી પડી હતી, રૂટ બદલવા પડ્યા હતા અને એક કિસ્સામાં સૈન્ય વિમાન દ્વારા એસ્કોર્ટ આપવું પડ્યું હતું.



કોપનહેગન, ડબ્લિન, હેલસિંકી, મેડ્રિડ, મિલાન અને વૉર્સો જેવા શહેરોમાંથી ઉપડેલી ડઝનથી વધુ ફ્લાઇટ્સને બોમ્બની ધમકીઓ મળી હોવાની પુષ્ટિ થઈ હતી, જેમાંથી મોટાભાગની ફ્લાઇટ્સને ઇમરજન્સી લેન્ડિંગ માટે અન્ય એરપોર્ટ પર વાળવામાં આવી હતી, જ્યારે કેટલીક તેમના ગંતવ્ય સ્થાને સુરક્ષિત રીતે ઉતરી હતી. ચેક પોલીસે જણાવ્યું હતું કે બોમ્બની ધમકીઓનો શિકાર બન્યા બાદ પ્રાગમાં ઉતરેલા અન્ય ચાર પ્લેનની તપાસ પૂર્ણ થઈ ગઈ છે અને તે સુરક્ષિત છે. આ ફ્લાઇટ્સ ક્યાંથી આવી હતી તે અંગે તેમણે કોઈ વિગતો આપી નથી. આ અગાઉ, બોમ્બની ધમકીને કારણે ડબ્લિનથી રોમ જઈ રહેલી એક ફ્લાઇટને પશ્ચિમી ફ્રાન્સના એક સૈન્ય એર બેઝ તરફ વાળી દેવામાં આવી હતી, તેમ ફ્રેન્ચ વડાપ્રધાનના કાર્યાલયે જણાવ્યું હતું. વૉર્સોથી બ્રસેલ્સ જતી 'લોટ પોલિશ એરલાઇન્સ'ની ફ્લાઇટ તેના ગંતવ્ય સ્થાને ઉતરી હતી, જ્યાં તપાસ દરમિયાન કોઈ જોખમી કે શંકાસ્પદ વસ્તુઓ મળી ન હતી, તેમ એરલાઇને જણાવ્યું હતું. મિલાનથી બુખારેસ્ટ જતી વિઝ એરની ફ્લાઇટ બોમ્બની ધમકી મળ્યા બાદ બુખારેસ્ટમાં સુરક્ષિત રીતે ઉતરી હતી, પરિસ્થિતિથી માહિતગાર એરપોર્ટના એક અધિકારીના જણાવ્યા અનુસાર, હેલસિંકીથી રોમ જતી ફિનએરની ફ્લાઇટ સવારે ૯:૩૦ વાગ્યે ઇટાલિયન એરફોર્સના ફાઇટર જેટ્સ દ્વારા એસ્કોર્ટ કરીને રોમના લિયોનાર્ડો દા વિંચી એરપોર્ટ પર સુરક્ષિત રીતે લેન્ડ કરવામાં આવી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે ઈમેલ દ્વારા બોમ્બની ધમકી મળી હતી, અને પોલીસ બોમ્બ ડિસ્પોઝલ નિષ્ણાતો દ્વારા સુરક્ષા તપાસ પ્રક્રિયાઓ પૂર્ણ કરવામાં આવી હતી, જેમાં કોઈ વિસ્ફોટક મળ્યા નથી.

અફેરની શંકાથી યુપીના શખ્સે પત્નીને ખુરશી સાથે બાંધી જીવતી સળગાવી દીધી

કન્નૌજ (યુપી), તા. 5 (પીટીઆઇ): કન્નૌજ જિલ્લામાં ગુરુવારે સવારે પરપુરુષ સાથેના અફેરની શંકા રાખીને એક શખ્સે પોતાની પત્નીને ખુરશી સાથે બાંધીને તેના પર પેટ્રોલ છાંટીને આગ ચાંપી દીધી હતી અને બાદમાં પોતાના બાળકો સાથે ફરાર થઇ ગયો હતો, જેની પોલીસે ધરપકડ કરી છે. છિબરામઉ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના જગતપુર ગામમાં બનેલી આ ઘટનામાં 30 વર્ષીય સોનમનું દાઝી જવાથી મોત નીપજ્યું હતું.

સીજેપી નેતાઓની ક્રાઇમ બ્રાન્ચ દ્વારા ચાર કલાક પૂછપરછ થઇ હતી

સૌરવ દાસ, આશુતોષ રાંકા અને અજિંક્ય શિંદેની સવારના ૧૧થી બપોરના ૩ વાગ્યા સુધી પૂછપરછ કરાઇ

૧૩ ઓક્ટોબરે જંતર મંતર ખાતે પરવાનગી વિના વિરોધ પ્રદર્શન કરવા બદલ નોંધાયેલી બે એફઆઇઆર સંદર્ભમાં પૂછપરછ કરાઇ

નવી દિલ્હી, તા. ૫(PTI): કોકરોચ જનતા પાર્ટી (CJP)ના નેતાઓ સૌરવ દાસ, આશુતોષ રાંકા અને અજિંક્ય શિંદેની ૧૩ ઓક્ટોબરના તેમના જંતર મંતર ખાતેના વિરોધ પ્રદર્શન સંબંધિત બે એફઆઈઆર સંદર્ભે દિલ્હી પોલીસ ક્રાઈમ બ્રાંચ દ્વારા આજે લગભગ ચાર કલાક સુધી પૂછપરછ કરવામાં આવી હતી, તેમ પોલીસે જણાવ્યું હતું.

પોલીસે જણાવ્યું કે આ નેતાઓ સવારે ૧૧ વાગ્યાની આસપાસ રાજોરી ગાર્ડન સ્થિત ક્રાઈમ બ્રાંચની ઓફિસે પહોંચ્યા હતા અને બપોરે ૩ વાગ્યાની આસપાસ પૂછપરછ પૂર્ણ થઈ હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર પૂછપરછ દરમિયાન તેમને લગભગ ૭૦ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા, પરંતુ તેમણે તેમાંથી કેટલાકના જવાબ આપ્યા ન હતા. CJP નેતાઓ ૧૩ ઓક્ટોબરે જંતર મંતર ખાતેના બિન-માન્ય વિરોધ સ્થળ પર કથિત રીતે પ્રવેશ કરવા બદલ નોંધાયેલી બે FIRના સંબંધમાં ક્રાઈમ બ્રાંચ સમક્ષ હાજર થયા હતા. કનાટ પ્લેસ અને પાર્લામેન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆર પાછળથી તપાસ માટે ક્રાઈમ બ્રાંચને ટ્રાન્સફર કરવામાં આવી હતી. આ કેસ જંતર મંતર પહોંચવા માટે ખાનગી મિલકતમાંથી ગેરકાયદેસર પ્રવેશ કરવા અને તે સ્થળ પરના નિયંત્રણોનો ભંગ કરવાના આક્ષેપો સાથે સંબંધિત છે. CJP નેતાઓએ જંતર મંતર ખાતે વિરોધ પ્રદર્શન કર્યું હતું અને રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. પૂછપરછ પછી ક્રાઈમ બ્રાંચની ઓફિસ બહાર પત્રકારો સાથે વાત કરતા રાંકાએ કહ્યું કે આ ૧૩ ઓક્ટોબરની ઘટના સંબંધિત નિયમિત તપાસ હતી.

જોર્ડનની રાજધાનીમાં શ્રીલંકન દૂતાવાસ નજીક સુરક્ષા અધિકારીની હત્યા

કૈરો, તા. 5 : જોર્ડનની રાજધાની અમ્માનમાં ગુરુવારે શ્રીલંકન દૂતાવાસ નજીક એક હુમલાખોરે એક સુરક્ષા અધિકારી પર હુમલો કરી તેમની હત્યા કરી નાખી હતી. જોર્ડનના સત્તાધીશોએ આ ઘટનાને આતંકવાદી કૃત્ય ગણાવ્યું છે. દક્ષિણ જોર્ડનમાં એક ચર્ચ ખાતે અંતિમયાત્રા દરમિયાન બંદૂકધારીઓએ ગોળીબાર કરીને 9 લોકોની હત્યા કરી હતી અને ડઝનબંધ લોકોને ઘાયલ કર્યા હતા, તેના થોડા અઠવાડિયા બાદ જ આ હુમલો થયો છે. જોર્ડનના પબ્લિક સિક્યુરિટી ડિરેક્ટરોટે જણાવ્યું હતું કે, તેમના દળના એક સભ્ય પર ધારદાર હથિયારથી હુમલો કરવામાં આવ્યો હતો અને 'એક કાયરતાપૂર્ણ આતંકવાદી હુમલા'માં તેમનું મોત થયું હતું.

ટ્રમ્પ સામેના હશમનીના કેસની કોર્ટમાં શરૂ થયેલી સુનાવણી

એક અભિનેત્રીને તેની સાથેના અવૈધ જાતીય સંબંધો અંગે મૌન રાખવા માટે ટ્રમ્પે તેને ચુકવેલા નાણા અંગેનો આ કેસ છે

ન્યૂ યોર્ક, તા. 5(AP): પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વકીલો ગુરુવારે ન્યૂ યોર્કની અપીલ કોર્ટને તેમની હશ મની(મોં બંધ રાખવાના બદલામાં અપાતા નાણાં) કેસની દોષસિદ્ધિ રદ કરવા મનાવવાનો પ્રયાસ કરશે, જેણે બે વર્ષ પહેલાં ઈતિહાસ રચ્યો હતો.

એડલ્ટ ફિલ્મ અભિનેત્રી સ્ટોર્મી ડેનિયલ્સને આપવામાં આવેલા 130,000 ડોલર ચૂકવવાનું છુપાવવા માટે બિઝનેસ રેકોર્ડ્સમાં હેરાફેરી કરવાના 34 ગંભીર ગુનાઓ માટે ટ્રમ્પને દોષિત ઠેરવવામાં આવ્યા હતા. આ બાબત ટ્રમ્પને આજે પણ એટલી કલેશ પહોંચાડે છે કે તેમણે તાજેતરમાં જ સપ્ટેમ્બરમાં સોશિયલ મીડિયા પર તેની ટીકા કરી હતી. પ્રમુખ કોઈપણ પ્રકારની ગેરરીતિનો ઇનકાર કરે છે, અને તેમણે ચુકાદાને ઉથલાવી દેવાની આશામાં રાજ્ય અને ફેડરલ અદાલતોનો દરવાજો ખટખટાવ્યો છે. ગુરુવારની કોર્ટ કાર્યવાહીમાં તેઓ હાજર રહે તેવી શક્યતા નથી.આ અપીલ જટિલ કાનૂની વિવાદો પર આધારિત છે, પરંતુ રાજકીય રંગ જોવો પણ મુશ્કેલ નથી. ટ્રમ્પની ટીમની કોર્ટ અરજીના પ્રથમ પેરાગ્રાફમાં જ એવો દાવો કરવામાં આવ્યો છે કે આ કેસ ડેમોક્રેટિક પ્રોસિક્યુટર પર ટ્રમ્પ સામે કાર્યવાહી કરવા માટેના "અતિશય રાજકીય દબાણ"નું પરિણામ છે - આવા જ આક્ષેપો રિપબ્લિકન પ્રમુખ પણ જાહેર મંચો પર વારંવાર કરતા રહ્યા છે.

હોંગકોંગના ચળવળકાર જોશુઆ વોંગને વધુ 10 વર્ષની જેલની સજા

હોંગકોંગ, તા. ૫(AP): ચીન દ્વારા લાદવામાં આવેલા રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ ગુરુવારે હોંગકોંગના અગ્રણી કાર્યકર્તા જોશુઆ વોંગને વધુ ૧૦ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. વિવેચકોના મતે આ કેસ શહેરના એક સમયના સમૃદ્ધ લોકશાહી સમર્થક આંદોલન પર સત્તાવાળાઓ દ્વારા કરવામાં આવેલા દમનને દર્શાવે છે. વોંગ પર ૨૦૨૫માં રાષ્ટ્રીય સુરક્ષાને જોખમમાં મૂકવા માટે વિદેશી દળો સાથે મળીને ષડયંત્ર રચવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો અને તેમણે આ વર્ષની શરૂઆતમાં જ પોતાના ગુનાની કબૂલાત કરી લીધી હતી.